# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-07-2024** **Morning : 7.10 to 7.20**
**Day: WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

- ❖ **હવામાન વિભાગે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાંક ભાગોમાં ભારેથી અતિભારે વરસાદનુ રેડ એલર્ટ જાહેર કર્યુ**
- ❖ **દ્વારકા અને જામનગરમાં થયેલા ભારે વરસાદના પગલે સર્જાયેલી પૂરની સ્થિતિમાં N.D.R.F.ની ટીમ દ્વારા બચાવ અને રાહત કામગીરી..**
- ❖ **ચાંદીપુરા વાઇરસના રાજ્યમાં 101 કેસ નોંધાયા.. સૌથી વધુ 14 કેસ પંચમહાલમાં નોધાતા આરોગ્ય તંત્ર દ્વારા તકેદારીના પગલાં લેવાયા**
- ❖ **સંસદમાં ગઇકાલે રજૂ થયેલા કેન્દ્રીય અંદાજપત્રને ઉદ્યોગોકારો અને ભાજપે આવકાર્યું .. કોંગ્રેસે બજેટને ટીકા કરી**
- ❖ **ગુજરાતને હરિયાળુ બનાવવાના પ્રયાસો સફળ.. રાજ્યમાં વૃક્ષોની કુલ સંખ્યા 39 કરોડને પાર પહોંચી.**

---------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# RAIN

હવામાન વિભાગે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ભારે વરસાદને લઈને બે દિવસ રેડ અલર્ટ જાહેર કર્યું છે.

રાજ્યના સૌરાષ્ટ્રના કેટલાંક વિસ્તારોમાં ભારે વરસાદ વરસી રહ્યો છે જેમાં દેવભૂમિ દ્વારકામાં સાંબેલાધાર વરસાદ વરસ્યો હતો જેને કારણે રસ્તાઓ પર વરસાદી પાણી ફરી વળ્યા હતા અને પૂરની સ્થિતિ સર્જાઇ ગઇ છે. આવા સમયે N.D.R.F.ની ટીમ દ્વારા પૂરગ્રસ્ત વિસ્તારોમાં ફસાયેલા 23 લોકોને બચાવાયા હતા. તેમજ હાલમાં દ્વારકાના માર્ગો ઉપર પાણી ફરી વળતાં એનડીઆરએફની ટીમોને બચાવ અને રાહત કામગીરીમાં મોકલી અપાઇ છે. જ્યારે બચાવ અને રાહત કામગીરી દરમિયાન એન.ડી.આર.એફ.ની ટીમને એક મહિલા અને એક પુરૂષનો મૃતદેહ મળી આવ્યો હતો જયારે અન્ય એક લાપત્તા વ્યક્તિને શોધવાની કામગીરી હાથ ધરી હતી.

બીજી તરફ અમરેલીમાં પણ ભારે વરસાદ વરસ્યો હતો ગઇ મોડી રાત્રે  લાઠી, વડીયામા વરસાદ વરસતા પાણી ભરાઇ ગયા હતા .. જામનગરમાં પણ મુશળધાર વરસાદ વરસતા ચાર દિવસમાં ત્રીજી વખત દ્વારકા-જામનગર હાઇવે પર વાહનોની અવરજવર થંભી ગઇ હતી.. રસ્તાઓ ઉપર પાણી ફરી વળતા આ હાઇવે બંધ થઇ ગયો હતો.. વલસાડ જિલ્લા માં અતિભારે વરસાદ ને અનુલક્ષી જિલ્લા વિકાસ અધિકારીએ તમામ શાળા, કોલેજો, ITI, આંગણવાડીઓ બંધ રાખવા આદેશ આપ્યાં છે..

રાજકોટ જિલ્લાના ઉપલેટા અને ધોરાજી તાલુકા પંથકમાં ભારે વરસાદ વરસતા જિલ્લા કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારીએ અસરગ્રસ્ત ગામોની મુલાકાત લીધી હતી..અલગ અલગ ગામના સરપંચો અને આગેવાનો સાથે મુલાકાત કરીને તકેદારીના પગલાં લેવા સૂચના આપી હતી.. રોગચાળો વકરે નહીં તેના માટે સત્વરે કાર્યવાહી કરવા તાલુકા આરોગ્ય  ઓફિસરને જરૂરી સુચના આપી હતી.. વરસાદના કારણે થયેલ નુકસાનીનો સર્વે તુરંત કરવા અધિકારીઓને આદેશ આપ્યો હતો.

---

- પીટીસી—દ્વારકા, જામનગર, રાજકોટ, અમરેલી, વલસાડ, હર્ષલ પંડ્યા,  -(NAVIN)

# SEOC

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ગાંધીનગર ખાતે ગઈકાલે અધિક કલેક્ટરના અધ્યક્ષ સ્થાને હવામાન નિરિક્ષણ સમૂહની બેઠક યોજાઈ ગઈ. બેઠકમાં રાજ્યમાં ચોમાસાની સ્થિતિને અનુલક્ષીને તમામ વિભાગોની તૈયારીઓ અંગે સમીક્ષા કરી વિભાગોને જરૂરી માર્ગદર્શન અને સૂચનો આપવામાં આવ્યા હતા.

આગામી ૨૭ જુલાઈ સુધી રાજયમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી બાબતે અધિક કલેકટર દ્વારા સમીક્ષા કરી સંભવિત જોખમો સામે એલર્ટ રહેવા જણાવ્યું હતું. હાલમાં ભારે વરસાદ પડેલ જિલ્લાઓમાં વરસાદ બંધ થયા બાદ પાણી ભરાઈ ન રહે, રોગચાળો ન ફેલાય તથા બંધ રોડ-રસ્તા સત્વરે પૂર્વવત કાર્યરત થાય તે અંગે સંબંધિત વિભાગોને સૂચના આપવામાં આવી હતી.

---

- ઇન્ફો કરણ -(NAVIN)

# CHANDIPURA VIRUS

રાજ્યમાં એન્કેફેલાઈટીસ – ચાંદીપુરા વાયરસના કુલ 101 કેસો છે. જે પૈકી સૌથી વધુ કેસ પંચમહાલમાં 14 કેસ નોંધાયા છે. રાજ્યમાં ચાંદીપુરા શંકાસ્પદ વાઈરસના કારણે અત્યાર સુધી 38 દર્દીના મોત નીપજ્યા છે. જ્યારે 49 દર્દી હૉસ્પિટલમાં સારવાર હેઠળ છે જયારે 14 દર્દીઓને રજા આપવામાં આવી છે.

કુલ કેસો પૈકી 22 કેસ પોઝીટીવ મળેલ છે. જેમાં સાબકાંઠા અને પંચમહાલમાં 3, અરવલ્લી અને મહેસાણામાં 2, મહીસાગર, ખેડા, સુરેન્દ્રનગર, અમદાવાદ મહાનગરપાલિકા, ગાંધીનગર, જામનગર, મોરબી, દાહોદ, વડોદરા, બનાસકાંઠા, દેવભૂમિ દ્વારકા અને કચ્છ જિલ્લામાં 1 – 1 પોઝિટીવ કેસ નોંધાયા છે.

આરોગ્ય વિભાગની ટીમ દ્વારા 24 હજાર 882 ઘરોમાં સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી છે. 4 લાખ 16 હજારથી વધુ કાચા ઘરોમાં મેલેથિયોન પાવડરથી ડસ્ટિંગ, જયારે 62 હજારથી વધુ ઘરોમાં સ્પ્રેઇંગની કામગીરી કરવામાં આવી છે.

ગુજરાત સિવાય રાજસ્થાનમાં 3 કેસો નોંધાયા છે. જે પૈકી 1 દર્દીનું મૃત્યુ થયું છે મધ્યપ્રદેશમાં 2 કેસ નોંધાયા છે.

અમારા અમરેલી જિલ્લાના પ્રતિનિધિ જણાવે છે કે જિલ્લામાં 269 ગામો અને 4 હજાર થી વધુ ઘરોમાં મેલેથીયોન ડસ્ટિંગ પાઉડરના છંટકાવની કામગીરી શરૂ કરવામાં આવી છે. તેવી જ રીતે રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકામાં ચાંદીપુરા એન્કેફેલાઈટીસ વાયરસના રોગચાળા ને પગલે આરોગ્ય અને પંચાયત દ્વારા સંયુક્ત આરોગ્ય તપાસણી તેમજ ઘરોનું સ્ક્રીનીંગ અને ડસ્ટિંગની કામગીરી કરવામાં આવી રહી છે.

---

-માહિતી, પીટીસી અમરેલી રાજકોટ કરણ -(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

........................................

# KANU DESAI REACTION ON BUDGET

રાજ્યના નાણામંત્રી કનુભાઈ દેસાઈએ કેન્દ્રીય અંદાજપત્રને ગરીબ, મહિલા, ખેડૂત અને યુવાલક્ષી લેખાવ્યું હતું..

**(બાઈટ – કનુભાઈ દેસાઈ, નાણામંત્રી)**

---

- પીટીસી - ગાંધીનગર - પ્રવેશ

-(NAVIN)

# YAMAL VYAS REACTION ON BUDGET

ગુજરાત ભાજપે સંસદમાં રજૂ થયેલા બજેટને પ્રજાલક્ષી ગણાવ્યું હતું.. ભાજપના  પ્રદેશ પ્રવક્તા યમલ વ્યાસે કહ્યું હતું કે અંદાજપત્રમાં સ્વરોજગારી વધે, મધ્યમ વર્ગને મદદરૂપ, નાના ઉદ્યોગોને પ્રોત્સાહન, ઉત્પાદન અને આંતરમાળખા પર ધ્યાન આપવામાં આવ્યું છે.

**(બાઈટ - યમલ વ્યાસ, પ્રદેશ પ્રવક્તા, ગુજરાત ભાજપ)**

---------------------------------------------------------------------

-(PTC- GANDHINAGAR- PRAVESH.)

-(NAVIN)

# AMIT CHAVADA ON BUDGET

ગુજરાત વિધાનસભામાં વિપક્ષના નેતા અમિત ચાવડાએ કેન્દ્રીય બજેટ અંગે પ્રતિક્રિયા આપતા જણાવ્યું કે, આ બજેટમાં સરળીકરણ ક્યાંય દેખાયું નથી. તેમ જ સુક્ષ્મ, લઘુ અને મધ્યમ એકમોને પણ લાભ થાય તેવી કોઈ વાત અંદાજપત્રમાં જણાતી નથી.

**(બાઈટ - અમિત ચાવડા, વિપક્ષના નેતા, ગુજરાત વિધાનસભા)**

---------------------------------------------------------------------

- (PTC – GANDHINAGAR – PRAVESH.) -(NAVIN)

# RAJKOT REACTION ON BUDGET

કેન્દ્રીય બજેટની વિવિધ ક્ષેત્રના ઉદ્યોગકારો પ્રશંસા કરી રહ્યા છે. ત્યારે રાજકોટ ઉદ્યોગ અને વેપારી મહામંડળના ઉપપ્રમુખ પાર્થ ગણાત્રાએ અંદાજપત્રને સુક્ષ્મ, લઘુ અને મધ્યમ કદના એકમ તેમ જ સામાન્ય લોકોને કરમાં રાહત આપનારું ગણાવ્યું હતું.

**(બાઈટ – પાર્થ ગણાત્રા, ઉપપ્રમુખ, રાજકોટ ઉદ્યોગ અને વેપારી મહામંડળ)**

---------------------------------------------------------------------

- પીટીસી - રાજકોટ - પ્રવેશ

-(NAVIN)

# SWAGAT KARYAKRAM

રાજ્યના નાગરિકોની મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ રજૂઆતો અને સમસ્યાઓના ઓનલાઈન નિવારણ માટેનો રાજ્ય સ્વાગત કાર્યક્રમ આવતીકાલે યોજાશે.

સામાન્ય નાગરિકો - અરજદારો આ સ્વાગત કાર્યક્રમ માટેની રજૂઆતો આવતીકાલ ૨૫મી જુલાઈએ સવારે ૮ થી ૧૧ દરમિયાન મુખ્યમંત્રીશ્રીના જનસંપર્ક એકમ, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર ખાતે રૂબરૂ આવીને કરી શકશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આવતીકાલે બપોરે સાડા ત્રણ વાગ્યે રાજ્ય સ્વાગત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે અને નાગરિકોની રજૂઆતો સાંભળશે.

---------------------------------------------------------------------

- પીટીસી ગાંધીનગર કરણ

-(NAVIN)

# RAJKOT COLLERA

રાજકોટના લોહાનગર, રેલ્વે ક્રોસીંગ પાસે, ગોંડલ રોડ વિસ્તારમાં સંભવિત કોલેરાના શંકાસ્પદ કેસો સામે આવ્યા છે. રોગચાળો ફેલાતો અટકે તે માટે જિલ્લા મેજિસ્ટ્રેટ પ્રભવ જોષી દ્વારા એક જાહેરનામુ બહાર પાડીને કેટલાક પ્રતિબંધો અને માર્ગદર્શક સૂચનાઓ આપી છે..

લોહાનગર, રેલ્વે ક્રોસીંગ પાસે, ગોંડલ રોડ વિસ્તાર તથા આજુબાજુના ૨ કિ.મી. વિસ્તારમાં ખાણીપીણીની દુકાનો, લારી-ગલ્લા, સ્ટોલ, શેરડીના રસના ચીચોડા, ફળોના ટુકડા કરી તેનું વૈચાણ કરવું તેમજ બરફ અને બરફમાંથી બનતી ખાદ્ય ચીજોના વેચાણ પર પ્રતિબંધિત હુકમ જારી કરાયો છે. આ જાહેરનામાનો અમલ ચોથી સપ્ટેમ્બર સુધી કરવાનું પણ જણાવાયું છે..

---

- પીટીસી—રાજકોટ, હર્ષલ પંડ્યા -(NAVIN)

# VANIKARAN SIDDHI

રાજ્યના નાગરિકોની સહભાગિતાથી રાજ્યમાં વૃક્ષોની કુલ સંખ્યા 39 કરોડથી વધુએ પહોંચી છે. રાજ્યમાં વન વિભાગ દ્વારા સામાજિક વનીકરણને ધ્યાને રાખીને વન વિસ્તાર બહાર યોજાયેલી વૃક્ષ ગણતરીમાં વર્ષ 2021 મુજબ કુલ 39.95 કરોડ વૃક્ષ નોંધાયા છે. એટલે કે, વર્ષ 2003ની સરખામણીમાં કુલ 58.36 ટકા વૃક્ષની સંખ્યામાં નોંધપાત્ર વધારો નોંધાયો છે.

રાજ્યમાં હરિત વસુંધરા યોજના હેઠળ આ વર્ષે રાજ્યના વિવિધ જિલ્લાઓમાં 200 હેક્ટર વિસ્તારમાં વન કવચ વાવેતર કરવાનું આયોજન છે. જ્યારે જૂન 2024 સુધીમાં 23 હેક્ટરમાં વાવેતર પૂર્ણ થઈ ગયું છે. સાથે સાથે શેહરી વિસ્તારમાં કુલ 20 અર્બન ફૉરેસ્ટ નિર્માણ કરવાનું આયોજન છે. રાજ્યમાં એગ્રો ફોરેસ્ટ્રી હેઠળ કુલ 31 હજાર હેક્ટર વિસ્તારમાં ખેડૂતો થકી વાવેતર કરવાનું આયોજન છે, જે પૈકી 328 હેક્ટરથી વધુ વિસ્તારમાં વાવેતર કરવામાં આવ્યું છે.

આ વર્ષે 75મો 'વન મહોત્સવ' આગામી તા.26 જુલાઈના રોજ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની વિશેષ ઉપસ્થિતિમાં દેવભૂમિ દ્વારકાના ગાંધવી- હર્ષદ ગામ ખાતે યોજાશે. ૨૩માં સાંસ્કૃતિક ‘હરસિદ્ધિ વન’નું લોકાર્પણ કરવામાં આવશે. સાથે-સાથે રાજ્યમાં 33 જિલ્લા, 8 મહાનગરપાલિકા, 250 તાલુકા અને 5,500 ગ્રામીણ કક્ષાએ વન મહોત્સવ યોજાશે.

..................................

INFO, MITTAL, SONAL